# મહાનગરપાલિકા, જૂનાગઢ
# કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે

જૂ.મ.ન.પા./મહેકમ/જા.નં./૭૨૭ તા. ૪/૭/૨૦૧૭

જૂનાગઢ મહાનગરપાલિકામાં શહેરની સફાઈ અને આરોગ્યની આવશ્યક સેવા હેઠળ કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઈ નીચે જણાવેલ જગ્યાઓ માટે લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારોને કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવાના હેતુથી કોઈપણ જાતના હક્ક–હિસ્સા વગર સરકારશ્રીના નિયમાનુસાર આઉટસોર્સથી મેનપાવર સપ્લાય કરવા અંગેના અત્રેની કચેરીના માન્ય થયેલ ઈજારદાર હસ્તક અત્રેની કચેરી ધ્વારા અપાયેલ શરતો મુજબ કામગીરી કરવા અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ તા.૧૦/૦૭/૨૦૧૭ થી તા.૨૦/૦૭/૨૦૧૭ સુધીમાં મહાનગરપાલિકા, જૂનાગઢની એ.ડી.એમ. શાખા રૂમ. નં.૧૦૭માં સવારે ૧૦.૩૦ કલાક થી સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પહોંચાડવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી અને લાયકાત તથા અનુભવ ન ધરાવતા ઉમેદવારોની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. આ જાહેરાત જૂનાગઢ મહાનગરપાલિકાની વેબસાઈટ : junagadhmunicipal.org પર જોઈ શકાશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યાની સંખ્યા | ઉંમર વર્ષ | માસિક પગાર/વેતન |
|---|---|---|---|---|---|
| ૧ | સેનેટરી ઈન્સ્પેક્ટર | માન્ય યુનિ.ના સ્નાતક તથા એસ.આઈ. ડિપ્લોમા કોર્ષ, તથા સેનિટેશન શાખાનો ૩ વર્ષનો સરકારી, અર્ધ સરકારી કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનો અનુભવ | ૨૦ | ૩૫ વર્ષ સુધી | ઈજારદાર એજન્સી સાથે નિયત થયેલ |

શરતો : —

૧. ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે, અને અરજી સાથે એક પાસપોર્ટ સાઈઝ ફોટો જોડવાનો રહેશે. તથા અરજીની સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ બીડવાની રહેશે.

૨. ઉપરોક્ત જગ્યાઓ માટે લાયકાત તથા અનુભવ ધરાવતા યોગ્ય ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

૩. એસ.સી/એસ.ટી./અન્ય પછાત વર્ગના ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે.

૪. આ જગ્યા કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવાના હેતુથી કોઈપણ જાતના હક્ક–હિસ્સા વગર સરકારશ્રીના નિયમાનુસાર આઉટસોર્સથી મેનપાવર સપ્લાય કરવા અંગેના અત્રેની કચેરીના માન્ય થયેલ ઈજારદાર હસ્તક નક્કી થયેલ લઘુતમ વેતન હેઠળ ભાવ અને અત્રેની કચેરી ધ્વારા અપાયેલ શરતો મુજબ રહેશે.

૫. આ જગ્યામાં પસંદ થયેલ ઉમેદવારોને અત્રેની કચેરીના માન્ય થયેલ ઈજારદારને સુપ્રત કરવામાં આવશે તેમજ ઈજારદાર મારફત અત્રેની કચેરીની જરૂરીયાત મુજબ નિયુક્ત કરવામાં આવશે.

૬. આ જગ્યામાં ઈજારદાર મારફત જે–તે જગ્યા અને વિભાગમાં નિયુક્ત થયેલ ઉમેદવારોને અત્રેની કચેરી ધ્વારા નિયત થયેલ શરતો અને લઘુતમ વેતન ઈજારદાર ધ્વારા આપવામાં આવશે.

૭. જે અરજદારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે તેઓએ અસલ દસ્તાવેજો સાથે સ્વખર્ચે આવવાનુ રહેશે. આ અંગે કોઈ ખર્ચ મ.ન.પા. તરફથી ચુકવવામાં આવશે નહીં.

૮. ઉપરોક્ત ભરતીમાં કોઈપણ બાબતે ફેરફાર કરવાનો અધિકાર કમિશનરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢનો રહેશે.

ઈન્ટરવ્યુ સ્થળ : —
કમિશનરશ્રીનું કાર્યાલય,
મહાનગરપાલિકા કચેરી, આઝાદ ચોક, જૂનાગઢ

માહિતી-જુના-જા.ખ.-૨૭૯-૧૭-૧૮

— સહી —
કમિશનર
મહાનગરપાલિકા, જૂનાગઢ